Public Affairs Office
U.S. Consulate General, Mumbai

PRESS RELEASE

AMERICAN CENTER, 4 New Marine Lines, Mumbai 400 020
Tel: 91-22-2262-4590 Fax: 91-22-2262-6800
E-mail: MumbaiPublicAffairs@state.gov Web: http://mumbai.usconsulate.gov

ઓગસ્ટ ૧૮, ૨૦૦૮

અમેરીકન સેન્ટર દ્વારા અમદાવાદમાં
ન્યુયોર્ક ફોટો પ્રદર્શનીનું આયોજન

મુંબઇ: અમેરીકન સેન્ટર મુંબઇ દ્વારા ગુજરાત નાગરિક ઇજનેર અને વાસ્તુશિલ્પ સંસ્થાના સહયોગથી અમદાવાદમાં ૨૦મી ઓગસ્ટથી ન્યુયોર્ક શહેરના ઐતિહાસીક ઇમારતોને તાદ્રશ્ય કરતાં ફોટો પ્રદર્શનીનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ પ્રદર્શનીનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના હેરિટેજ કમિટીના અધ્યક્ષ અને નિવૃત IAS અધિકારી શ્રી પી. કે. ઘોષ અને અમેરીકન કોન્સ્યુલેટના ઉપ કૉન્સ્યુલ શ્રી ડેનિયલ સીસેક દ્વારા ૨૦મી ઓગસ્ટના રોજ સાંજે ૬.૩૦ વાગે એલિસ બ્રીજ ખાતે આવેલા પટેલ હોલ ખાતે કરવામાં આવશે.

ફોટો પ્રદર્શનીમાં ન્યુયોર્ક ની ઐતિહાસિક ઇમારતોના ૮૦ જેટલા કૃષ્ણ-ધવલ મઢેલા ફોટા રાખવામાં આવનાર છે. દરેક ફોટા નીચે એના ઐતિહાસિક, સાંસ્કૃતિક તેમજ બાંધકામની શૈલીનું વિસ્તૃત વર્ણન પણ કરવામાં આવ્યું છે.

અમેરીકામાં એકલા ન્યુયોર્ક શહેરમાં ૧૦૦૦ થી વધુ ઐતિહાસિક ઇમારતો છે. આવા ઐતિહાસિક ઇમારતોનું મહત્વ સમજાવતા ફોટો પ્રદર્શનીની પ્રેરણા સૌ પ્રથમ ન્યુયોર્ક સ્થિત ઐતિહાસિક ઇમારતોના જતન માટે કાર્યરત સંગ્રહાલયને લેખક અને વસ્તુપાલ બાર્બરાલી લેખિત પુસ્તક 'ધ લેન્ડમાર્કસ ઓફ ન્યુયોર્ક'માંથી મળી હતી.

સાલ ૨૦૦૭માં ન્યુયોર્ક ની ઐતિહાસિક ઇમારતોના જતન માટે પસાર કરાયેલા ખરડાને ૪૩ વર્ષ પૂર્ણ થયા છે. ઐતિહાસિક ઇમારતોના જતન માટેનો આ કાયદો સંપૂર્ણ અમેરિકામાં સૌથી પ્રથમ હોઇ અન્યો માટે એક નમૂના રૂપ પ્રદાન કરે છે. આ કાયદા ના અમલીકરણથી ન્યુયોર્કની ઘણી ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ધરાવતી ઇમારતોનું જતન શક્ય બન્યું છે.

પ્રદર્શની પટેલ હોલ ભવન, લો ગાર્ડનની સામે, એલિસબ્રીજ ખાતે ૨૬ ઓગસ્ટ સુધી જાહેર જનતા માટે રોજ બપોરે ૩.૦૦ થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

***

વધુ માહિતી માટે અજમલ પાલાકલનો સંપર્ક કરવો : ૦૯૮૨૧૩૨૮૧૨૯.